ઝરથુશ્ત્રનાં ગાથા ગુજરાતી બેતમા.

(ખુદ્દ અવસ્તા ભણતર સાથે)

કર્તા

એરચ રૂસ્તમજી ગોળવાલા.

ઝરથુશ્ત્રનાં ગાથા ગુજરાતી બેતમા.

(ખુદ અવસ્તા ભણતર સાથે)

—:o:—

લખનાર તથા પ્રગટ કરનાર

એરચ રૂસ્તમજી ગોળવાલા,

તે

ગોળવાલા ફૉર્ટ ટયુશન ક્લાસીસ ના પ્રીનસીપલ
અને માલેક; મુંબઇના "માઝદયસ્ની મંડળ"ના
સ્થાપક અને ઑનરરી સેક્રેટરી;
માઝદયસ્ની મોતેબરી, Typical
Errors in English
Corrected," વગેરે
પુસ્તકોનાં
કર્તા.

સને ૧૯૨૩.

—:o:—

—:o:—

કીંમત રૂ. ૨.

આ પુસ્તક મી૦ એરચ રૂસ્તમજી ગોળવાલાએ કોટ મુંબઇમાં "ગોળવાલા ફૉર્ટ ટયુશન
ક્લાસ" મધેથી પ્રગટ કર્યું છે,
અને
મી૦ અરદેશર ખરશેદજી દેસાઇએ ૨૩૭, બજારગેટ, કોટ, મુંબઇમાં "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ"માં
છાપ્યું છે.

પ્રસ્તાવના.

શુક્ર હજારો હજાર તે દાદગર દાવરની દરગાહમાં કે મ્હારૂં પહેલું પુસ્તક "માઝદયસ્નની મોતેબરી" સને ૧૯૨૧ ના સાલમાં બહાર પડયા પછી ગુજરાતી સાહિત્યનાં ક્ષેત્રમાં આ મ્હારૂં બીજું પુસ્તક પેશ થવા પામ્યું છે. જો કે એની આગમજ મ્હારૂં એક ઇંગ્રેજી પુસ્તક નામે "Typical Errors in English Corrected" દુન્યાઇ અજવાળું જોવાને સમર્થવાન થઇ ચુકયુંછે.

જરથોસ્તી ધર્મસંબંધી તેમજ ખુદ ગાથાને લગતાં પણ અનેક પુસ્તકો ધર્મ-અભ્યાસીઓ તરફથી બ્હાર પાડવામાં આવ્યાં છે, પણ જેટલી દલગીરીની તેટલીજ અજાયબીની વાત છે કે વક્ષુરે વક્ષુરાંન મહાંન પેગમબર અષો જરથોસ્ત સાહેબના પવિત્ર ગાથા કે જેનાં ખુદ નામનોજ અર્થ "ગાવુ" કરીને થાય છે, તેને હજી કોઇએ ખેતમાં મઢયા નથી. એટલા માટે મ્હારી આ કોશેષ તેની જાતની પહેલવહેલી છે એમ કહેતાં મને મગરૂરી તેમજ ખુશાલી પ્રાપ્ત થાય છે.

ગાથા એ આપણાં બુલંદ ધર્મનાં સ્થાપક અશો જરથોસ્તનાં કવિતા રૂપે લખાયલાં શિક્ષણો અને ફરમાનો છે. જુદા જુદા ગાથાની છંદ રચનાં જુદી જુદી છે, પણ તે સઘળી હિંદુ ભાઈઓનાં "વેદ"નાં ભજનોમાં જે છંદ રચના માલમ પડે છે, તેને ઘણીખરી મલતી આવે છે. "કરશો એવું ભરશો" એ ગાથાનું મૂળ શિક્ષણ છે. ઉંડા ધાર્મિક ખ્યાલો ઉત્પન્ન કરવા સારૂં અવસ્તા એક સર્વેથી ઉત્તમ અસલી કેતાબ છે, અને તેમાં ગાથા એક ઘણો કિંમતી ઉમેરો કરે છે.

મ્હારાં આ પુસ્તકમાં એક બાજુએ ગાથાનું અવસ્તા ભણતર તેનાં દરેક છુટા ફકરાઓ બનાવી જેટલું બને એટલું શુદ્ધ રીતે ખાસ કાળા અક્ષરે આપ્યું છે, અને તેની બરાબર સામે દરેક ફકરાઓનો તરજુમો મરહુમ વિદ્વાન એરવદ કાવસજી એ. કાંગાનાં તરજુમાંને આધારે ગુજરાતી સરળ ખેતોમાં આપ્યો છે. વળી જે શબ્દો અઘરા તેમજ તરજુમો નહિ થઇ શકે એવા હતા, તેમજ જે જે વાકયો રચના માટે ખુલાસાની જરૂર હતી તે માટે ખાસ લગભગ દરેક સફાની નીચે "નોટ" આપી છે કે જેથી વાંચનારને સમજવામાં સહેજબી ગુંચવણ કે મુશ્કેલી નડે નહિ. ગુજરાતી ખેતો પણ, જરથોસ્તીઓને સ્હેલાઇથી સમજ પડે એ હેતુથી, પેલી જડબાં ભાંગી જાય અને મોટા શબ્દો વાપરવા પડે એવી, શુદ્ધ ગુજરાતીમાં ન આપતાં, ખાસ સહેલી "પારસી ગુજરાતીમાં" આપી છે, અને મને ખાત્રી છે કે આપણાં પવિત્ર ગાથાનાં મોતેબર કલાંમો ઘણી આસાનીથી સમજવાને હમદીનોને તે મદદગાર થઇ પડયા વિનાં રહેશે નહિં. પછી તો હું મ્હારી કોશેષમાં કેટલી હદે ફાવ્યો છું તે તપાસવાનું કામ પ્રિય વાંચક વર્ગનેજ સોંપું છું.

જરથોસ્ત સાહેબનાં પવિત્ર ગાથાનું આ પુસ્તક બ્હાર પાડતી વેળાએ મને વધુ ખુશાલી એ માટે ઉપજે છે કે તે, જરથોસ્ત સાહેબને ખરાં દીલથી વખાણ-નારા એક ખરેખરા ધર્મી, પરમાર્થી અને મ્હાંન જરથોસ્તીની યાદ જાળવવાનાં શુભ હેતુથી, તેમને અર્પણ કરવામાં આવ્યું છે, કે જે ભલા જરથોસ્તીએ પોતાની

આખી જીંદગી તે પેગમબર સાહેબનાં શિક્ષણ અનુસારજ ગુજારી હતી. તે મહાંન નર કોઇજ નહિ પણ મરહુમ સર શાપુરજી બરજોરજી ભરૂચા, નાઈટ, હતા, કે જેમની મીઠી યાદ દરેક સાચ્ચા જરથોસ્તીનાં જીગરમાં સદાનો વાસો કરી રહી છે, જે મહાંન નરનું બીજું નામ "પરમાર્થ" હતું, અને જેઓ સખ્યાબંધ ગરીબ જરથોસ્તીઓના બેલી અને પાલનહાર હતા, અને જેઓ એક હાતમ તાઈનું જીગર ધરાવતા હતા, કે જેમનાં જેવા નરો આ ગેતીમાં જવળેજ પેદા થાય છે. છતાં પણ મ્હારાં હમદીનોને દિલાસો લઈ ખુશી થવાનું છે કે તે મ્હાંન નરની અખંડ કિર્તી ટેકાવી તેમની જગ્યા રાખવાને તેમના એક અતલગના ખેશી હસ્તી ધરાવે છે કે જેવણ દરેક બાબદમાં પોતાના મરહૂમ પુંજય વડીલનેજ પગલે ચાલે છે, અને તેમના જેવાજ સર્વે સદગુણો ધરાવે છે. એ ભલા નર ડલેર શેઠ અરદેશર મ્હેરવાંનજી ભરૂચા છે, કે જેઓ વગર ઘોંઘાટે પોતાની પ્યારી કોમનાં નિર્ધનોનાં સંકટો ટાળવાને સદા તત્પર રહેલા છે, અને જેમની બહોળી સખાવતો એવા પ્રકારની છે કે તેમનો જમણો હાથ જે કરે તે ડાબો હાથ વટીક જાણી શકતો નથી. વળી જેમની બુલંદ જરથોસ્તી ધર્મ તરફની જાનફેશાંની અચુક છે, બંદગીનાં બળમાં જેઓ ખરેખરી માન્યતા ધરાવે છે, અને દિવસનો અમુક ભાગ એક "આબેદ" તરીકે તે પાક અહુરની યાદમાં સદા ગુજારે છે. એ લાયકીવાલા દીનદાર ગ્રહસ્થે આ પુસ્તક બહાર પાડવા માટે છપામણીનાં ખર્ચમાં મદદ આપી, પોતાનાં મહાંન મરહુમ વડીલને તે અર્પણ કરવાની રજા આપી છે, તે માટે એ માનવંત મુરંબીનો હું જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. વળી આપણી કોમનાં જે જે માનવંતા વડા દસ્તુર સાહેબોએ તેમજ મ્હારા ભણેલા મિત્રોએ આ પુસ્તકનાં પ્રથમ પૃષ્ટો તપાસી પોતાના અભિપ્રાયો, કે જે આ પુસ્તકમાં આમેજ કીધા છે, તે એકકે બોલે લખી મોકલ્યા છે, તે સર્વે સાહેબોનો પણ આભાર માનવાની રજા લઉં છું.

અને હવે મ્હારાં પુસ્તકની આ પ્રસ્તાવનાં ખતમ કરતાં મ્હારૂં આ કામ પાર પાડવા માટે હું તે પાક દાદાર હોરમઝદનો ફરી એકવાર ઉપકાર માની તે સર્વોપરી બાપને એટલીજ દુવા ગુજારૂં છું કે આપણી નાની કોમમાં મરહુમ સર શાપુરજી ભરૂચા અને તેમને પગલે ચાલનારા ભલા શેઠ અરદેશર મ્હેરવાનજી ભરૂચા જેવા નેક અને દીનચુસ્ત જરથોસ્તીઓ વધુ અને વધુ જન્મ પામે, કે જેઓ પારસી કોમની કિર્તી હજી પણ ઝળકતી કરે, અને તેરસો વર્ષની વાત ઉપર આપણા મહાન વડીલો, જેઓ બુલંદ જરથોસ્તી ધર્મનાં રક્ષણાર્થે પોતાનાં પ્યારાં ઈરાંન વતનને છેલ્લી સલામ કરી, ન્હાસતા ભાગતા, હઝારો હાડમારીઓ વેઠતા અને દરીયાઓ ડોહળ્તા, હિંદ સરઝમીન ઉપર ઉતર્યા હતા, તેઓનું ધાર્મિક યકીન અને પાક મહઝબ તરફની જાનફેશાંની તેમનાં વંશજોમાં સદાકાળ ટકી રહે, અને ક્રિમેટોરીયમ જેવાં અજરથોસ્તી, અધર્મિ, અને પાપી કાર્યોથી સદા દુર રહી, પોતાના કદીમ ન્યાગાનોનો અને શ્રેષ્ટ ધર્મની કિર્તી દીન ઉગે દુનીઆં વર્ણમાં વધુ પ્રકાશિત કરે ! અથ જમ્યાત, યથા આફ્રિનામિ !!

ગોળવાલા ફોર્ટ ટયુશન કલાસ,
કોટ, મુંબઇ,
તા૦ ૧ લી ઑગસ્ટ ૧૯૨૭.

એરચ રૂસ્તમજી ગોળવાલા.

વડા દસ્તુરજી સાહેબ શમ્સ–ઉલ–ઓલમાં દસ્તુર દારાબ દસ્તુર પેશોતનજી સંજાણા, બી. એ., આ પુસ્તક માટે શું કહે છે ?–

"આપનો પત્ર અને આપે ગુજરાતી બએતમાં રચેલો અવસ્તા ગાથાનો પાંચે હાઓનો તરજુમો તેના અસલ ટેક્ષ્ટ સાથે મેં વાંચ્યો છે, દલગીર છેઉં કે મારી નાદરૂસ્ત તબ્યતને લીધે એ ચોપડીને લગતું મારૂં મત અત્યાર આગમજ હું તમોને મોકલી શકયો નહિ.

અવસ્તા ગાથાના ઈંગ્રેજી કવીતામાં રચેલા તરજુમા, ડા૦ લૅારેન્સ મીલ્સ અને મી૦ દીનશાહ જીજીભાઇ ઇરાની સોલીસીટરે છપાવી પ્રગટ કીધેલા, મેં ઘણી ખુશીથી વાંચ્યા છે, કારણ કે તે સામાન્ય વાંચનારાઓ માટે સમજ પડે તેવા અને રસીલા છે એ બેઉ સ્કૅાલરો સમજશકિત અને ભાષા ઉપરના જોઇતા કાબુથી વાંચનારાઓને સલીસ એબારતમાં મુશ્કેલ ભાષાનો ભાવાર્થ સમજાવી શકયા છે, તેમજ ગાથાનાં શિક્ષણની મોતેબરીનો ખ્યાલ અભ્યાસીઓને આપી શકયા છે.

તમારો બેતબાજીમાં રચેલો મુશ્કેલ ગાથાઓનો ભાવાર્થ તદન ઉપલાજ કવીઓનાં ધોરણે રચેલો લાગે છે. ગાથાની ભાષાનો સાદી એબારત (Prose) માં તરજુમો કે ભાવાર્થ આપવો કેટલો બધો મુશ્કેલ છે તે અવસ્તા વિદ્યાર્થીઓ સારી રીતે જાણે છે. મરહુમ એરવદ કાવસજી કાંગાનાં ગુજરાતી તરજુમા સીવાય બીજો તેનો ગુજરાતી તરજુમો હજી બાહાર પડયો નથી તેજ દેખાડે છે કે ગાથાનો નસરી (Prose) જબાનમાંથી સુધ્ધ તરજુમો કરવો એ કંઇ સેહલું કામ નથી. આજ દીન સુધી જે તરજુમાઓ જરમન, ફ્રેંચ, કે ઇંગ્રેજી અને ગુજરાતી ભાષાઓમાં લાંબો વખત થયો પ્રગટ થયેલા છે તે માટે દલગીરી સાથે લખવું પડે છે કે સ્કૅાલરોએ સામાન્ય રીતે એકબી થયેલા તરજુમા માટે મત જાહેર કીધું નથી કે તે તદન શુધ્ધ છે. મતફેરી બધા તરજુમાઓમાં છે, તેથી આપે એરવદ કાવસજી કાંગાના તરજુમાને આધારે આપની બેતબાજીનો પાયો રચ્યો છે, તેમાં મને કંઇબી વાંધો નથી.

તમારો ગ્રંથ રચવામાં આપની દરેક મુશ્કેલી હું ખુલ્લી રીતે નેહાલી શકું છું. ખાસ કરીને ગાથાના ૫૨ મા અને ૫૩ મા હાઓ, જે સહુથી મુશ્કેલ છે, તેનો બેતબાજીમાં તરજુમો કરવાની તમારી કોશેશ ઘણા વખાણને પાત્ર છે, જે માટે હું તમોને મુબારકબાદી આપું છું.

એ ગ્રંથ રચવામાં તમારી નૈતીક હીમ્મત, સમજશકિત, ધીરજ અને પોતાની ભાષાને સેહલી અને રસીલી કરવાની જેહમતનો હું કદરશનાસ છેઉં, અને વળી ઇચ્છું છું કે એવીજ ગુજરાતી બેતબાજીમાં આપણા જરથોસ્તીઓની ફરજીઆત બંદગીનો ભાવાર્થ ભવિષ્યમાં પ્રગટ કરવાની આપ કોશેશ કરશો તો તે વધારે આવકારદાયક થઇ પડશે એમ હું માનું છું. તમારા એ ગ્રંથોને દરેક ફતેહ હું ચહું છું, અને માનું છું કે ધર્મી હમદીનો જો તેનો ઉપયોગ કરશે તો તેઓના ખરચેલા પૈસા ગવાશે."

૮૫, ખંબાલા હીલ,
મુંબઇ તા૦ ૧૩ મી ઑગસ્ટ ૧૯૨૩. } દારાબ દસ્તુર પેશોતનજી સંજાણા.

અર્પણ-પત્રિકા.

——:૦:——

(બેત.)

સદા લઉં શરૂમાં તે દાવરનું નામ,
રચી જેને સૃષ્ટિની રચના તમામ.
શાહી તોરનો સર શાપુર સમાન,
પુરો પ્રેમી પયેદા કીધો આ જહાન.
રહમ દીલ ને દીલનો દયાળુ જબર,
જીગર જેનું માયા ને મમતાથી તર.
બનાવ્યો એવો નેક નર તે અશો,
રખાવત, તફાવત, જેમાં ના કશો.
જોરાવર જીગરનો તે દરિયાવ દીલ,
રહયો રાત દીન રાખી ઉમરાવ દીલ.
જીવતદાંન દુખીઆંઓને દઇ દીધાં,
ભલા તેમણાં આશિષોને લઇ લીધાં.
રૂદય જેનું રૂડું, રૂડાં જેનાં કામ,
ચાહત જેની દર્દી દુઃખી પર તમામ.
ના કરતો સખાવતમાં હરગીઝ ઢીલ,
અમર છાપી ચાલ્યો અમર્ગીનું સીલ.
શોભાવી જેને કોમની કીર્તિ નેક,
રૂધિર કયાંનીનું જેની રગરગ દરેક.
હતોખી ખમીરે અમીર શાપુર,
ને હૈયાનો હાતમ, સખી નર જરૂર.
મિલનસાર, માયાળુ, ને મહેરબાન,
નોંધઇ જેની કીર્તિ અમર બેઉ જહાંન,
ઈજારો સખાવતનો આ જગ લીધો,
જઇ પેલી જગમાં અદાખી કીધો.
હાંસલ જેમાં કીધો નફો બેશુમાર,
નરો નર ગાએ જેના ગુણુ અપાર.

માહાજ્ઞાની વિર્જો, પરોપકારી નર,
ગુની, ગુણુનો ખાંણી, શાપુર સર.
રહયો તારી કીતિનો ડંકો અમર,
થયો ના થશે તું જેવો નેક નર.
માહા કષ્ટે ભેગો કીધો ગંજ તેં,
નહિ કંઇ ઉઠાવ્યો કમી રંજ તેં.
નુરી તુંજ ખોરેહમંદ ચહેરો બુલંદ,
મહાજ્ઞાની યઝદાંએ કીધો પસંદ.
હાજત કીધી પુરી ગરીબોની કુલ,
નફો જેનો મેળવ્યો ચિનવદને પુલ.
સુખી તું થયો, સુખ બીજાંને દઇ,
ખરો તેનો બદલો ગયો સાથ લઇ.
મટાડયા તુંએ કંઇ ધરોના કલેશ,
લોકઇ ના પરાયાંથી બી રાખી લેશ.
એવી તારી કીર્તિ સદીની સદી,
વીસારી નહીં કોઇ શકશે કદી.
દુઃખીઓ, ને દર્દી કરે યાદ બહુ,
આભારી તારાં તે નરોનાર સહુ.
નોબત તારા ગમની છે હર ગામેગામ,
ચા અદના, કે આલા, ધરોધર તમામ.
હવે અર્જ મારી સમજ દાદગર,
નાચારી ભરેલી જે છે સરબસર.
રયોમંદ કરજે ગુરથમાનમાં,
એના રૂહને તું શાદ તે જેહાંનમાં.
રહું નિત દુઆના બણી એ કલાંમ,
ચરણુની છે રજ જેના "એરચ" તમામ.
આમીન! આમીન!! આમીન!!!

સર શાપુરજી બરજોરજી ભરૂચાના અશો રૂહને મિનોઇ જહાનમાં ગુરથમાનનું મહાન સુખ મલો-એવી દુઆનો ચાહનાર——

"એરચ."

મહાન પારસી દાનવીર.



મરહુમ સર શાપુરજી બરજોરજી ભરૂચા, નાઈટ.

જન્મ	મરણ.
તા. ૩૦ મી એપ્રીલ ૧૮૪૫.	તા. ૨૩ મી જુન ૧૯૨૦

આ પુસ્તકને મળેલાં જુદાં જુદાં શહેરોનાં માનવંત વડા દસ્તુરજી સાહેબોનાં તથા જાણીતા અવસ્તા સ્કૉલરો, વગેરેનાં મતો—

વડા દસ્તુરજી સાહેબોનાં મત:—

વડા દસ્તુરજી સાહેબ દસ્તુર મીનોચ્હેર દસ્તુર કેખશરૂ જામાસ્પઆશા લખે છે કે:—

"પ્રાનસીપલ એરચ રૂસ્તમજી ગોળવાળાએ અશો જરથોશ્તના બનાવેલા તમામ ગાથાને ગુજરાતી બેત—બાજીમાં રચીને એક સુંદર છપાઇ સાથનું પુસ્તક જે હાલમાં લગભગ તૈયાર થયું છે તેની હમો ઉપર મોકલેલી નકલની નોંધ લેતાં બેહદ ખુશાલી ઉપજે છે.

આ પુસ્તકમાં તેના બાહોશ કર્તાએ તમોમ ગાથાના હા શુધ્ધ લીપીએ એક બાજુએ કાળા અક્ષરે છાપ્યા છે, અને તેની બીજી બાજુએ દરેક ફકરાનો ગુજરાતી સલીસ બેટ—બાજીમાં ભાવાર્થ આપ્યો છે જે દરેક જરથોસ્તી—શું નાનાં કે મોટાં—ને ઉપ્યોગી થઇ પડશે તેમાં જરા પણ સંદેહ નથી.

આપણાં ધર્મ—પુસ્તકોના સર્વથી અગતના ભાગનો આવી રીતે ફેલાવો કરવાનું માન પહેલવહેલું મી० ગોળવાળાને ઘટે છે એમ કહયા વિના ચાલતું નથી. મરહુમ એરવદ કાવશજી કાંગાએ ગાથાનો તરજુમો જે ગુજરાતીમાં કીધો છે તે અભ્યાસી વર્ગને માટે ઘણો સારો છે. અને એજ મરહુમ વિદ્વાનના તરજુમાને વળગી રહીને કુલ જરથોશ્તી વાંચક વર્ગને માટે તેનો ભાવાર્થ ગુજરાતી બૈત—બાજીમા મી० ગોળવાલાએ રચ્યો છે.

ગાથાને આવી રીતે બેત—બાજીમા રચવાની કોશેશ આગળ ફકત એકલા ડૉ० મીલ્સે કીધી છે જે પુસ્તક અંગ્રેજી બેત—બાજીમાં હોવાથી તે વાંચવાથી ઘણાઓ બેનસીબ રહયા છે, માટે હાલમાં આપણાં ધર્મના બુલંદ અને ઉત્તમ ફરમાનોની બધાઓને ઉપ્યોગી થઇ પડે એવી રીતની સમજણ આપવાની શુભ કોશેશનું માન મી० ગોળવાલાને ઘટે છે, જેને માટે હું એ ભાઇને ખરાં દીલથી મુબારકબાદી આપું છું.

જોકે એબારત ઘણી સાદી અને સલીસ છે તો પણ કર્તાએ ઘણેક ઠેકાણે ટુંક નોટો આપીને અસલ એબારતને વધુ ખુલ્લી કીધી છે. વળી આ પુસ્તક સુંદર ટાઇપમાં છપાયું છે તેને માટે અને તેના સારા ગૅટ-અપને માટે પણ હમો કર્તાને વધુ મુબારકબાદી આપ્યે છીએ."

મીનોચેહેર દસ્તુર કેખુશરૂ જામાસ્પઆશા.

મુંબઇ, તા० ૨૮—૫—૨૩.

દખણુના વડા દસ્તુરજી શમ્સ-ઉલ-ઓલમાં સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ દસ્તુર નોશેરવાંન જણાવે છે કે—

"આપે ગાથાવાણીનો તરજુમો કવીતામાં કર્યો છે તેની એક નકલ મને મળી છે. જે સાહેબો કવીતામાં અહુરમઝદની બંદગી કરવા ચાહાતા હોએ તેમને માટે આપણી બોલાતી ભાષામાં સમજ પડે એવો છે—અને આપે અસલ અર્થને વલગી રહીને એ તરજુમો કર્યો છે એમ કહેવાને કશી હરકત નથી."

દસ્તુર હૉલ,
પુનાં, તા૦ ૨૭ મી મે ૧૯૨૩. } કેકોબાદ આદરબાદ દસ્તુર નોશેરવાંન.

કદમી ટોળાંના વડા દસ્તુરજી સાહેબ દસ્તુર દીનશાજી જીવનજી ગરડાનું મત—

"...તમોએ આપણા પયગમબર સાહેબ અશો જરથોસ્તના રચેલા ગાથાનાં પવિત્ર ભણુતરને ગુજરાતી બેત બાજીમાં રચીને તેને એક પુસ્તકનાં આકારમાં છપાવ્યું છે તેની નકલ મને મળી છે. સર્વે કોઇને રોશન છે કે આપણાં તમામ ભણુતરોમા ગાથાનુ ભણુતર સૌથી પુરાતન અને મોતેબર ગણાય છે, અને તે નીતીના ઉંચા સબકોથી ભરપુર છે, અને તે અસલ કવીતા રૂપે રચાયલું છે, અને તે ગાઇને પઢવાનું છે. ગાથા શબ્દ "ગા" એટલે "ગાવુ" એવા મૂળ ઉપરથી નીકળેલો છે, એવાં એક મોતેબર ભણુતરને ગુજરાતી બેતબાજીમાં રચીને તમોએ એક ઘણુંજ તારીફલાયક કામ કરી બજાવ્યું છે. તમોએ આ કામમાં મરહુમ સ્કૉલર એરવદ કાવસજી કાંગાના સત્તાવાર ગુજરાતી તરજુમાંનો આધાર લેવામાં ઘણું વાજબી કીધું છે.

તમારી આ જોડેલી કવીતાની એબારત ઘણી સુંદર અને સરળ છે, અને કોઇબી તુરત સમજી શકે એવી છે, અને આપણાં મન ઉપર સારો નીતીનો અને ધાર્મિક છાપ પડે તેવી છે. ગાથાનું અસલ લખાંણુ એટલું તો અઘરૂં છે કે જે ઘણાજ થોડા ભણેલા સાહેબો સિવાય બીજાઓ કદાચજ સમજી શકે. તેવું એક ભણુતર પઢનાર પહેલે અસલ ગાથા પઢી જવા પછી આ તમારૂં ગુજરાતી કવીતારૂપી લખાણુ ગાઇને પઢે તો આપણા પાક મહઝબમાં કેવાં ઉમદા નીતીનાં ગોહરો સમાયલાં છે, અને તેમાં કેવાં ઉચા બોધદાયક સબકો આપેલા છે, અને એ લખાણુમાં અશો અહુરમઝદ સાહેબની કેવી સેતાયશ અને બંદગી છે તેનો કોઇનેબી ઝટ ખ્યાલ આવી શકે, અને તેનો બહુ સારી અસર તે ગાઇને પઢનાર અને તે સાંભળનારનાં મન ઉપર તુરત થઇ શકે એમ છે.

એજ મુજબ શમ્સ-ઉલ-ઓલમાં ડા૦ જીવણજી મોદી અને બીજાઓ પણ ફીરદોસીના શાહનામાંનો ગુજરાતી બેતબાજીમાં તરજુમો કરીને શ્રોતાજણો આગળ ગાઇ સમજાવે છે અને તેથી જેઓ અસલ ફારસી ઝબાનનાં જ્ઞાનથી બેનસીબ હોય છે, તેઓને આપણી અસલી તવારીખનું જ્ઞાન થવા ઉપરાંત તેઓનાં મન ઉપર કેવી સારી અસર થવા પામે છે તે આપણે અનુભવથી જાણીએ છીએ.

તમોને બેતબાજી રચવાનાં કામનો સારો અનુભવ અને જ્ઞાન હોય એમ તમારાં આ પુસ્તક ઉપરથી માલમ પડે છે, અને એ રચવા પાછળ તમોએ ઘણી મહેનત લીધી હોય એમ દીસે છે... તમારી આ કીધેલી ભલી કોશેષને માટે હું તમોને અંતઃકરણપુર્વક મુબારકબાદી આપું છું.

ગાંમદેવી, મુંબઇ,
તા૦ ૧_લી મે ૧૯૨૩. } દીનશાજી જીવનજી ગરડા.

સીંધના વડા દસ્તુરજી સાહેબ દસ્તુર ડા૦ માણેકજી નસરવાનજી ધાલા, એમ૦ એ૦, પી એચ૦ ડી૦, નું મત—

"તા૦ ૧૭ મીનું તમો બાઇજીનું કાગજ અને તમો તરફથી છપાતી ચોપડીનાં પાના મળ્યાં છેજી.

ગાથાવાણીનાં પવિત્ર ભજનોને સુંદર અને સહેલી ભાષામાં બેત રૂપે રજુ કરી આમ વર્ગમાં તેને માનીતાં કરવાની તમારી કોશેષ કોમ તરફનાં ઉતેજન અને આશ્રારાને લાયક છેજી."

૧૫, આર. એ. લાઇન્સ,
કરાંચી, તા૦ ૨૧, મે ૧૯૨૩.

માણેકજી નસરવાનજી ધાલા.

મઉનાં વડા દસ્તુરજી સાહેબ દસ્તુર નોશીરવાંન દસ્તુર કેકોબાદ લખે છે કે—

"આપનો પત્ર તથા ગુજરાતી બએતમાં રચેલી ગાથાઓની એક નકલ મલીછેજી. તેની પહોંચ માન સાથ કબુલ રાખું છું.

"બીજું આપ, કમતરીનનું આપણા લખાણ બાબે મત પુછાવો છો તે માટે આભારી છું અને જણાવવાને ખુશી છું કે પાંચે ગાથાનું translation આપે ગુજરાતી બએતોમાં ઘણીજ કાબેલ્યતથી રચ્યું છે.

આપે દરેક Stanza નાં છેલ્લા શબ્દોની તોર જોડવામાંજ મહેનત નથી લીધી, પણ તે બએતોની એબારત ઘણીજ લેહજતદાર અને રસીલી કરી છે, એટલુંજ નહી પણ દરેક stanza નો જે ગુજરાતી બએતોમાં તરજુમો કર્યો છે તે સ્તુતીપાત્ર છે.

આએ પ્રમાણેનું કવીતા રૂપી ગાથાનું ગાયણ **પહેલવહેલુંજ** છપાયું છે અને હું માહરા દરેક હમદીનોને આએ ઉપ્યોગી કેતાબ ખરીદીને વાંચવાની ભલામણ કરૂં છું, કાંકે દરેક સંગીતનાં શોખીન બાનુંઓ તથા ગ્રેહસ્થોને તે બહુજ રસીક અને ઉપ્યોગી થઇ પડશે.

આપે આપણાં કવેશરી બળથી આએ કવિતારૂપી translation કીધું છે તે માટે હું આપને મુબારકબાદી તથા શાબાશી આપું છું, અને ખતમ કરતાં એટલું ખાત્રીથી માનું છું કે આપે મહેનત, અને આપણા કવેશરી બળથી સર્વે બએતોનું લખાણ એવી તો મનહરન ઘપથી રચ્યું છે કે દરેક બાનુઓ તથા ગ્રહસ્થો આપણી કેતાબની શ્રેષ્ટાઇ જરૂર પીછાણી શકશે...."

ટેમ્પલ હાઉસ,
મઉ, તા૦ ૨૦ મી મે ૧૯૨૩.

નોશીરવાંન દસ્તુર કેકોબાદ.

જાણીતા અવસ્તા સ્કૉલરોનાં મત:-

મી૰ સોહરાબ જમશેદજી બલસારા, એમ. એ., તે કામા અથોરનાન ઇનસ્ટીટયુટના પ્રીનસીપલનું મત-

"આપણા અશો રાહબર ઝરથુસ્ત્રના પવિત્ર ગાથાઓનો શાહનામાની ઢબની ગુજરાતી બેતોમાં જે તરજુમો આપે કર્યો છે તેનાં છાપેલાં પૃષ્ટોની એક નકલ મોકલી આપી તે ઉપર મારૂં મત આપે જાણવા માગ્યું છે તે નીચે મુજબ જણાવવાની રજા લઉં છું:—

અશો ઝરથુસ્ત્રના પવિત્ર ગાથાજ ખુદ ગાયનરૂપી છે એટલે તેમનો બેતોમાં તરજુમો થાય તો વાજબી ગણાવું જોઇએ: બલકે તે અસલમાં છે તેમ જુદી જુદી ઢબનાં ગાયણોમા રચાયો હતે તો એથીબી વધુ આવકારદાયક થઇ પડતે.

આપની બેતોની બાંધણી મુખ્ય રીતે સરળ છે, અને એ બેતોની ભાષા પારસી પ્રજામાં વપરાતી ભાષાની ઢબનીજ છે એટલે તે આપણા લોકોને રૂડું પવિત્ર વાંચણ પુરૂં પાડશે એટલુંજ નહિ પણ તેમને સાદા અને સરળ અભ્યાસ માટે પણ એ ઉપયોગી થઇ પડશે.

આપે રચેલી બેતો મરહુમ એરવદ કાવસજી કાંગાના તરજુમાં ઉપર રચાઇ છે એટલે એ સંબંધી કાંઇ નુકતેચીની કરવા જેવું રહેલું નથી

આપની એવી કોશેશોને ધન્યવાદ આપતો દોઆગો,

ફ્રૅન્જેટ હિલ રોડ,
મુંબઇ, તા૰ ૨ જી જુલાઇ ૧૯૨૩. } સોહરાબ જ. બલસારા.

એરવદ બમનજી નશરવાનજી ધાભર, એમ. એ, લખે છે કે—

"ભાઇ એરચ ગોળવાલાએ અશો જરથુસ્ત્રનાં પાક ગાથાઓને ગુજરાતી બેતબાજીમાં રચીને પારસીઓની એક રીતે સેવા બજાવી છે.

ગાથાના તરજુમાંઓ લગભગ દરેક યુરોપ્યન ભાષાઓમાં થયા છે, પણ સાધારણ વાંચનારને આપણા પવિત્ર અને ઉમદા ગાથાઓનો ખ્યાલ આપવાને આવાં પુસ્તકો જેમ વધુ પ્રગત થાય તેમ ઘણો ફાયદો છે. તરજુમો સલીસ એબારતમાં હોવાથી દરેક વાંચનારને તે પસંદ પડશે, તેમજ જ્યાં અસલ લખાણનાં બોલો તરજુમામાં રહેવા દેવા વિનાં છુટક રહયો નથી ત્યાં ટુંક નોટો આપી કર્તાએ તે શબ્દોની સમજન આપી છે.

ગાથાનાં પવિત્ર દિવસોમાં તેમજ હરકોઇ વખતે આ બંદગીઓ ભણવાને માટે પણ આ પુસ્તક પારસીઓને ઉપયોગી થઇ પડશે, ને એમ કે ચોપડીની ડાબી બાજુએ શુદ્ધ એબારતમા સલંગ ટેક્ષ્ટ આપવામાં આવ્યો છે.

ભાઇ એરચે શુધ્ધ એબારતમાંજ ગાથાઓનો ટેક્ષ્ટ આપવાનું પસંદ કીધું છે, માટે એમને ધન્યવાદ ઘટે છે, કારણ કે હજુર પણ કેટલીક ગમથી આપણા પવિત્ર લખાણોની ચોપડીઓ અસલ એબારતમાં અસલ માફક પ્રગત કરવામાં આવે છે તે પસંદ કરવા જોગ નથીજ.

આપણાં આગલા દસ્તુર સાહેબો જેઓ આપણાં ભણતરોનાં તરજુમાઓ આપી ગયા છે તેઓએ કેટલાંક ભણતરોના ફારસી બેતબાજીમાં તરજુમાઓ આપ્યા છે, કારણ કે આગલા વખતમાં દસ્તુરો તેમજ ઘણાક બેહદીનો વટીક ફારસી ભાષા ઘણી સારી રીતે જાણતા હતા. હવે જ્યારે આ શીરીન ઝબાન આપણા પારસીઓ રફતે રફતે મુકતા જાય છે, તેવા વખતમાં ગુજરાતી બેતબાજીમાં આપણાં ધર્મ સંબંધી લખાણો સમજાવવામાં આવે તો વાંચનારને તે ઉપયોગી થઇ પડયા વિનાં રહેશે નહિ. આ ચોપડીની છપામણી દરેક રીતે ઘણી સારી રીતે થઇ છે તેને માટે પણ કર્તાને મુબારકબાદી ઘટે છે."

બમનજી નશરવાનજી ધાભર.

મુંબઇ. તા૦ ૨૦-૬-૨૩.

એરવદ કેખશરૂ માહીયાર કુતાર, એમ. એ., લખે છે કે-

"તમોએ ગાથાના બેતબાજીમાં રચેલા તરજુમાની એક ચોપડી મારી ઉપર મોકલી તે મલીછેજી.

ગાથા, એ પેગમબર સાહેબનો કીમતી વારસો છે. અને એ પવિત્ર કલામોનો તરજુમો જેટલા બોહળા પ્રમાણમાં આપણી કોમમાં ફેલાય તેટલો આવકારદાયક છે. અત્યાર સુધીમાં બાહેર પડેલા તરજુમા કરતાં તમો ભાઇનો રચેલો તરજુમો જુદીજ રીતનો છે અને તે વાંચક વર્ગને માટે ખરેજ આવકારદાયક છે.

ગાથાની ભાષા ઘણીજ પુરાણી અને મુશકેલ છે માટે તેના તરજુમા માટે અભ્યાસીઓમાં મતફેર છે, પણ સામટી રીતે જોતાં મરહુમ એરવદ કાંગાનો તરજુમો વધારે સહી છે એવું ધર્મ અભ્યાસીઓનું મત છે અને તેથી તેજ તરજુમાને આધારે તમોએ ગુજરાતી બેતો રચ્યાં છે તે ખુશી થવા જોગ છે.

તમારાં બેટો પણ ઘણાં ઝમકદાર છે અને આવું એક સુંદર પુસ્તક જરથોસ્તી આલમ આગળ મુકવા માટે તમોને હું અતકરણપુર્વક મુંબારકબાદી આપું છું."

કુતારવાડ, નવસારી,
તા૦ ૮-૫-૨૩.

કેખશરૂ માહીયાર કુતાર.

અવસ્તા સ્કોલર ખોદાબક્ષ એદલજી પુનેગર, બી. એ., નું મત.

"આપણા મહાન જરથોસ્તી ધર્મના પવિત્ર ગાથાઓને બેતબાજીમાં રજુ કરવાની આપની કોશેષ વખાણને પાત્ર છે. એ કોશેશ આપણાં બુલંદ ધર્મના પવિત્ર ભણતર તરફની આપની આસ્થા તથા ઉત્સાહનો અચ્છો ખ્યાલ આપે છે...

કેટલાક બોલોની સમજણ ફુટનોટમાં આપે આપી છે તે એ ચોપડીની અગત્યતામાં ઉમેરો કરે છે.

એ બેટબાજી રચવા અર્થે આપે જે શ્રમ લીધો છે તે માટે આપને ધન્યવાદ આપું છું અને ઇચ્છું છું કે વાર્તાઓનાં તાહેલાં કરતાં એ ધાર્મિક દિશામાં કોમની સેવા થોડે વખતે દરજજે બજાવવાનો ઉત્સાહ આપણા જવાન્યાઓ ધરાવતા થાય."

૨૧૬, ચીરા બજાર,
મુંબઇ, તા૦ ૨૫-૪-૨૩.

ખોદાબક્ષ એદલજી પુનેગર.

મી૦ અરદેશર ખરશેદજી વેસાવેવાલા બી. એ., લખે છે કે—

"ગોળવાલા ફોર્ટ ટયુશન કલાસવાલા મી૦ એરચ રૂસ્તમજી ગોળવાલા તરફથી હાલ એક નવી પહેલ થઇ છે, અને તે અશો જરથોસ્તના ગાથાને સાદી એબારતમાં તરજુમાં રૂપે નહિ, પણ શુધ્ધ, સરળ, અને રસીલી બેતબાજીમાં રચી બ્હાર પાડવાની કોશેશ છે. કર્તાની કોશેશ ખરેજ વખાણવાજોગ તેમજ આવકાર દેવા જોગ છે. દરેક ગાથાના ફકરાને બેતબાજીમાં મરહુમ એરવદ કાવસજી કાંગાના તરજુમાને વળગી રહી તે ઉપરથી રચવામાં આવી છે, અને એ પુસ્તક મરહુમ સર શાપુરજી ભરૂચાને અર્પણ કરવામાં આવનાર છે એ જાણી આપણે ખુશી છઇએ.

બેતબાજીની રચના તમામ બારીકીથી તેમજ ખુનેખુનેથી મેં તપાસી જોઇ છે, અને કહેવાને ખુશી છેઉં કે કર્તાએ ખરી રંજ અને મહેનત લઇ પોતાના કામને સારો જશ આપ્યો છે. અત્રે જણાવવાની ખાસ જરૂર છે કે અવસ્તા પણ મરહુમ કાવસજી કાંગામાં છે તેમ જોડયા અક્ષરે શુધ્ધ ઉચ્ચારે લેવામાં આવ્યા છે. જે ફકરાઓનો તરજુમો એરવદ કાંગાને સમજ પડયો નથી અને જે માટે અવસ્તા સ્કોલરોમાં મતફેર છે, તે ફકરાઓ પણ કર્તાએ બેતબાજીમાં રચવાની કોશેશ કીધી છે. અત્યાર સુધીમાં કોઇએ પણ ગાથાનો તરજુમો બેતબાજીમાં રચી બ્હાર પાડયો હોય એવું મારા જોવામાં આવ્યું નથી.

સામટી રીતે જોતાં કર્તાની કોશેશ વખાણવા જોગ અને શાબાશી આપવા લાયક છે, અને આવી ભલી કોશેશ માટે દીનદાર કોમ તરફથી તેવણને ઘટતું ઉતેજન મળતું જોઇએ એવી આશા રાખું છું. એવણને ભવિષ્યમાં પોતાના શુભ કામમાં વધુ ફતેહ ઇચ્છું છું."

૨૧. દુબાશ બ્લૉક,
હયુજીસ રોડ, ચાપાટી,
મુંબઇ, તા૦ ૫ મી મેહ ૧૯૨૩.

અરદેશર ખરશેદજી વેસાવેવાલા યા કોટવાલ.

મી૦ શાપુરજી કાવસજી હોડીવાલા, બી. એ., નું મત.

"મી૦ એરચ ગોળવાલાનું નવું પુસ્તક જેમાં આપણા પુરાતન ગાથાઓ છાપેલા છે તથા તેનો તરજુમો ગુજરાતી બેતોમાં એમણે કર્યો છે, તેની પ્રથમ છાપેલ નકલ મારા મત સારૂ મોકલવામાં આવી છે.

ગાથાના દરેક અવસ્તા ફકરાનું શુધ્ધ વાંચન ગુજરાતીમાં આપી તેની સામેજ સરળ ગુજરાતી બેતોમાં મી૦ ગોળવાલાએ તરજુમો આપ્યો છે તેથી આ પુસ્તક અભ્યાસીઓને તેમજ દરેક બંદગી કરનારને ઉપયોગી થઇ પડશે. કર્તાએ તરજુમો એરવદ કાંગાને આધારે આપ્યો છે તથા ઘણેક ઠેકાણે અગતનની ફુટનોટ આપી છે.

આ પુસ્તકની રચના પધ્ધતિ લક્ષ આકર્ષી રાખે એવી છે. આપણા પુરાતન ગાથાઓને આમ લોકપ્રિય બનાવવાનું કામ અતિ સ્તુત્ય છે; અને તેની કદર ઘટિત રીતે બુજાવી જોઇએ છે."

શાપુરજી કાવશજી હોડીવાલા.

મુંબઇ, તા૦ ૧૨ મી જુન ૧૯૨૩.

"માઝદયસ્ની મોતેબરી" નામની આજ કર્તાની પહેલી લખેલી ચોપડી માટે પારસી કોમનો આગેવાંન રોજીંદો છાપો "જામે-જમશેદ" કહેછે કે–

"મી૦ એરચ રૂસ્તમજી ગોળવાલાએ લગભગ એકસો સફાનું આ નાનકડું પુસ્તક બાહેર પાડયું છે. વાંચનારને જ્ઞાન સાથ ગમત આપવાની નેમથી તેવણે તે લખ્યું છે.

કેટલીક પારસી છોકરીઓ જુદદીનો સાથે પરણી તે વખતે મળેલી પારસી અંજુમનની સભાએ એક ઠરાવ એવી મતલબનો પસાર કર્યો હતો કે પારસી ઘરોમાં તેમજ નીશાળોમાં ધરમની કેળવણી અને ઇરાનના પારસી ઇતીહાસની કેળવણી આપવી. આ ઠરાવની નેમ થોડેક દરજ્જે પાર પાડવાની મતલબથી મી૦ ગોળવાલાએ આ પુસ્તક લખ્યું છે, જેમાં જમશેદ, ઝોહાક તથા ફરીદુનની તવારીખ પદય તથા ગદયમાં આપી છે. તે ઉપરાંત લડાઇ, નમનતાઇ, નેકી, અભીમાન વગેરે વીષયો ઉપર ખાસ રચેલાં કેટલાંક ગાયનો પણ આપ્યાં છે અને તે ગાયનોની રાગ તાલ સાથની નોટેશન ગાઇડ પણ આપી છે; શાહનામું રચનાર ફીરદોશીની જીંદગીનો ટુંક રસીલો હેવાલ પણ આપ્યો છે,

પુસ્તક મરહુમ શેઠ કાવસજી દીનશાહ એડનવાળાને અર્પણ કરેલું છે. શમશુલ ઓલમાં જીવનજી જમશેદજી મોદી, મરહુમ દસ્તુર મીનોચેહેરજી જામાસ્પજી, સ્મોલ કોઝ કોરટના વડા જજ મી૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી વગેરેએ એ પુસ્તક માટે સારાં મત ઉચાર્યાં છે.

ઇરાનની આગલી પારસી જાહોજલાલીમાં ઉલટ લેનારાં જરથોસ્તીઓ માટે પુસ્તક ફુરસદના વખતે વાંચવા લાયક છે.

જામે-જમશેદ.

શનીવાર, તા૦ ૨ જી સપટેમબર ૧૯૨૨.

——:o:——

સાર્વજનીક કોમનો રોજીંદો છાપો "પ્રજા-મિત્ર" અને "પારસી" લખે છે કે—

માઝદયસ્ની મોતેબરી યાને જમશીદ, ઝોહાક અને ફરીદુનની તવારીખ નામનું નાનકડું પુસ્તક પદય ગદય તથા સંગીતમાં (નોટેશન સાથે) કોટના જાણીતા ગોળવાલા ફ્રોર્ટ ટયુશન કલાસીસના પ્રીનસીપલ તથા માલેક મી૦ એરચ રૂસ્તમજી ગોળવાલા (બુંબાખાનાની સામે, કોટ) તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે.

જરથોસ્તી પાદશાહોની તુલોતવીલ તવારીખ કમનસીબે જળવાઇ રહી નથી, પણ પારસી આગલી જાહોજલાલીનો દીલ ઉશ્કેરનારો ચીતાર એક જુદદીન પણ જરથોસ્તી કોમને સંપુર્ણ ઇનસાફ આપનાર, ફીરદોસી તુશી જેવા એક મહાન કવીની જોશદાર કલમથી ચીતરાયલો આપણે માટે રહેવા પામ્યો છે. જેમાના લખાણો આપણી સમજાતી ગુજરાતી ભાષામાં અને ખાસ કરીને કવીતા અથવા બેતબાજીમાં રજુ કરવામાં આવતાં, પારસીઓમાં તે કુદરતીજ લોકપ્રીય થઇ પડે છે.

આ પુસ્તકમાં જમશીદ પાદશાહ પ્રથમ જે મોટી જાહોજલાલી ભોગવી પાછળથી પોતાના અહંકારને સબબે રંજીદા સ્થીતીમાં આવી પડી, ઘાતકી નીવડેલા રાજકરતા જોહાકને હાથે માર્યો ગયો હતો તેની, તેને મારનાર જોહાક પાદશાહના અને જોહાકને હરાવી તેના ઝોહાકી અમલમાંથી લોકોને બચાવી રાજગાદી લેનાર ફરીદુનના કીસ્સા આપવામાં આવ્યા છે. તેમાં મૂખ્ય નેમ સાંભળનારાઓના મગજ ઉપર નીતીના ચોકસ સબકો ઠસાવવાની હોય છે. અને આ પુસ્તક પણ તેજ રીતે પ્રભુ પ્રાર્થના, પાક દાદારની સ્તુતી, નમનતાઇ, સબુરી, અભીમાન, ગાયન-નીતી, શાંતી અને તાબેદારી, નેકી અને બદી, નેકીની જય જેવાં વાંચનારને સારા વિચારો તરફ દોરવે તેવાં ગાયનો આપવામાં આવ્યાં છે, અને તેમ કરી ગ્નાન સાથે ગમત આપનારૂં આવું એક નાનકડું પુસ્તક બહાર પાડવાનો હેતુ ગ્રંથકારે ઘણી અચ્છી રીતે પાર પાડયો છે.

આપણે ઉમેદ રાખીશુ કે બીજાં એવાં પુસ્તકો બહાર પાડવાનો પોતાનો ઇરાદો ગ્રંથકાર એવીજ મહેનત લઇ અમલમાં મેળશે. મી૦ એરચ ગોળવાલાએ આ પુસ્તક બહાર પાડી વીદયારથી આલમની પણ ઉપયોગી સેવા બજાવી છે, કારણુ તે દરેક ઉઘરતા છોકરાઓના હાથમાં મેલવા જેવું છે."

"પ્રજા મિત્ર અને પારસી."

શુક્રવાર તા૦ ૨૦ મી જુલાઈ ૧૯૨૩.

———:૦:———

THE GATHAS OF ZOROASTER.

The gathas are metrical hymns, five in number which generally express philosophical and abstract thoughts about metaphysical subjects, and which have come down to us from Zarathushtra himself. They are the oldest and the most sacred part of the Zoroastrian scriptures. The word "Gatha" which is also well known in Sanskrit and Pali literature, means "song" from the root "gai," "to sing." There is not the slightest doubt that they were sung, as we find from Greek reports. Pansanins the celebrated Greek traveller (A. D. 180), has the following report on the Magi: — "In the temples of the Persians there is a room where ashes of another colour than those being burnt on the altar are to be found. To this he first repairs, puts dry wood upon the altar, puts on the tiara, and then sings the invocation of the God, reading it from a book, in a language utterly unintelligible to the Greeks," Another proof is that the recital of these metrical compositions is designated in the Avesta by a separate word, *frasravayeiti*. There are three expressions used for the recital of the sacred texts, viz, *mar*, "to recite" *drenj or framru*, "to recite in a low tone and *sraway*, *frasraway*, "to recite with a loud voice and observing musical accents." At present the Parsis, both the laity and the clergy, do not make any distinction as to the way ot repeating the different parts of the Avesta. They recite them in the same sing-song tone. The Gathas served as the actual texts of the sermons that Zoroaster himself delivered before the people who came from far and near to hear him speak. An exalted spirit distinguishes these hymns, which sustain throughout a high moral tone. The Gathic conception of the deity surpasses in point of spirituality all that is known of the Indo-Iranian divinities. The immortal Holy Ones, or the Amshaspends as they are called in the Avesta, as the abstract impersonations of the highest virtues of humanity are unequalled in sublimity of grandeur. The conception of all ancient peoples regarding the

last or final things as death, judgment etc., fails to come up to the level of the doctrine of the immortality of the soul as preached in the Gathas, so far as clearness, precision and logical thoroughness are concerned. The metres used in the Gathas are of the same nature as those which are to be found in the Vedic hymns. The five groups in which the Gathas have been arranged exhibit each a different metre. Verses of the same metre are put to-gether irrespective of their contents. The five Gathas are expressly designated as the "five Gathas of Zarathushtra," in order to distinguish them from other Gathas or hymns, as for instance, those devoted to the praise of Homa (Yas. X). It cannot for a moment be doubted that they really contain the sayings and teachings of the great founder of the Parsi religion, as the reader will perceive from a perusal of them. The Gathas as embodying the precepts of the prophet, introduce a great reform, a notable advance over anything hitherto known in the field of human ethics. "As you sow, so shall you reap," is the gathic doctrine. The ideal of life that Zoroaster puts forth is not to be reached by ecstasy and meditation in the solitary jungle, but is to be worked out in struggle and suffering in this world. The regeneration of society is ultimately to be brought about from within by the conscious effort of man. Zoroaster does not advocate the cloistered virtues of the hermit who flies from the temptations of the world, and who lives secure in the place of his retirement, sunk in deep meditation, absorbed in brooding over the abstruse problems of life, and remaining utterly oblivious of the varied experiences of society. According to the teachings of Zoroaster, true virtue lies not in mere meditation that blights all spontaneity of action; on the contrary, constant struggle with the world to fight the way to victory is man's true method of reaching the goal rather than flight in the search of liberation. Zoroaster never recommended the inactive life of the monastery. To be up and doing is the philosophy of man's real life, as propounded by Zoroaster. Active work, hard labour, strenuous efforts are the paramount virtues. No kind of stigma is attached to labour, but, on the contrary, labour of every description is extolled and

sanctified. Agriculture is recommended as the most laudable form of work. He who sows the fields that lie fallow, who tills his farms, prunes his vineyards, ploughs the furrows, pastures his flocks, extirpates the noxious creatures that infest the earth, and turns barren deserts into fertile fields as a true labourer, is the one that furthers the cause of Righteousness. Zoroaster teaches these first principles of the advancement of human civilization as religious commandments. Progress and civilization become, thus, a duty for the followers of tne ancient Iranian creed. Zoroastrianism is an active practical cult. Humanity is Ahura Mazda's standing army. Man and woman are perpetual soldiers in the army of Mazda. To further righteousness even by a hair's breadth, or to crush wickedness however little, are accounted supreme achievements in the existence of th individual. Nowhere, during the Gathic age, had there been a human voice, so far as we have any evidence, which uttered thoughts like these. They are now, some of them, the great common places of philosophical religion. Zoroaster's mental insight is as evident from his system as his deep moral inspiration. He has given us writings in which every word seems loaded with thought. He has told us that men should be taught to look within rather than without, that suffering and sin do not originate from the capricious power of a Deity still called "good," that the "good thought word and deed" should be recognized as essential to all sanctity, and that a judgment should be expected according to the deeds done in the body, and the soul consigned to a Heaven of virtue or to a Hell of vice, its recompense being pronounced by the happy or stricken conscience. The Avesta is the richest book of antiquity in the suggestion of deep and religious thoughts. The Gathic text and the rest of the Avesta are in themselves a marvellous tradition. If the history of human thought is of any importance the Avesta claims a very prominent position in that history. It not only affords one of the oldest, if not the oldest, monuments of Aryan speculation; but in view of its enormous influence upon later

Jewish and Christian theology, it must justly claim a decisive place in the development of religion and so even in the moulding and destiny of the human soul. The Gathas which form a part of the Avesta are a collection of short, detached formulas calculated to infuse devotional fervour and moral ardour in man, but in their sacred stanzas the prophet inculcates his fundamental doctrines and ethical principles in a concise and adumbrated form. This abridged form may account for the absence regarding many social and religious practices that are interwoven with the daily life of the Zoroastrians. The five Gatnas are known to the Zoroastrians by the following distinguishing names:–

(1) Ahunavaiti (2) Ushtavaiti (3) Spentemainyu (4) Vohukhshathrew (5) Vahishtoishti. According to Dr. Haug, the first Gatha, Ahunavaiti is divided into seven chapters (Yas. 28 to 34), which comprises 101 verses. As to its contents it resembles more a collection of scattered verses than one continuous whole. It is even doubtful whether the author is always the same, the style being now and then different. But in consequence of one and the same spirit pervading the whole Gatha, we must admit that it all belongs to the same age. We have in it, in all probability, the sayings and songs of Zarathushtra himself, mixed with those of his disciples Jamaspa, Vishtaspa, and Frashoshtra. In the third section of this Gatha (Yas 30) one of the most important section of the Gatha literature is presented to us. It is a metrical speech, delivered by Spitama Zaraahushtra himself, when standing before the sacred fire, to a numerously attended meeting of his countrymen. The chief tendency of this speech is to induce his countrymen to forsake the worship of the devas or gods, i. e. polytheism, to bow only before Ahuramazda, and to separate themselves entirely from the idolators. In order to gain the object wished for, he propounds the great difference which exists between the two religions, Monotheism and Polytheism, showing that whereas the former is the fountain of all prosperity both in this and the other life, the latter is utterly ruinous to mankind. He attempts further to explain the origin of both these religions, so diametrically opposed to each other, and finds it in the existence

of two primeval causes called "existence" and "non-existence." But this merely philosophical doctrine is not to be confounded with his theology, according to which he acknowledged only one God, as is cleary seen from the second Gatha. The second Gatha, Ushtavaiti, is divided into four chapters (Yas 43 to 46). Whilst the first Gatha appears to be a mere collection of fragments of hymns and scattered verses, made without any other plan than to transmit to posterity what was believed to be the true and genuine sayings of the prophet, in the second Gatha we observe a certain scheme carried out. Although, its contents, with the exception of a few verses only are all sayings of Zarathushtra himself; yet they have not been put together, as is the case in many other instances, irrespective of their contents, but in a certain order, with the view of presenting the followers of the prophet with a true image of the mission, activity and teaching of their great master. This Gatha is the most important portion of the whole Zend-Avesta for giving an accurate knowledge of Zarathushtra's teaching and activity. The last three Gathas, Spentamainyu (Yas 47 to 50), Vohukhshathrew (Yas 5I) and Vahishtoishti (Yas 53), are much smaller than the first two; the fourth and the fifth consist of only one Ha or chapter each. The several chapters, except the last of the third Gatha (Yas 50) form nowhere a whole as regards composition, but are generally mere collections of detached verses, which were pronounced on different occasions either by Zoroaster himself, or by his disciples. While in the first two Gathas the majority of the verses can be traced to Zoroaster himself, in these last three Gathas most of the verses appear to be the work of the master's disciples such as Jamaspa, Frashoshtra and Vishtaspa.

The metrical speech, referred to above, delivered by Spitama Zarathushtra himself, to a large gathering of his countrymen being of peculiar interest to all those who profess the Zoroastrian religion is quoted below from Dr. Haug's "Essays on the Parsis":-

(1) "I will now tell you, who are assembled here the wise sayings of Mazda, the praises of Ahura, and the hymns of the good spirit, the sublime truth which I see arising out of these sacred flames.

(2) You shall, therefore, hearken to the soul of nature; contemplate the beams of fire with a most pious mind! Every one, both men and women, ought to-day to choose his creed. Ye off-spring of renowned ancestors, awake to agree with us.

(3) In the beginning there was a pair of twins, two spirits, each of a peculiar activity; these are the good and the base, in thought, word and deed. Choose one of these two spirits. Be good, not base!

(4) And these two spirits united created the first; one, the reality, the other, the non-reality. To the liars, existence will become bad, whilst the believer in the true God, enjoys prosperity.

(5) Of these two spirits, you must choose one, either the evil, the originator of the worst actions, or the true, holy spirit. Some may wish to have the hardest lot, others adore Ahura-mazda by means of sincere actions.

(6) You cannot belong to both of them. One of the devas, against whom we are fighting, might overtake you, when in deliberation, whispering you to choose the worst mind. Then the devas flock together to assault the two lives, praised by the prophets.

(7) And to succour this life, Armaiti came with wealth, the good and true mind; she, the everlasting one, created the material world; but the soul, as to time, the first cause among created beings, was with Thee.

(8) But when he comes with one of these evils, then thou hast the power through the good mind of punishing them who break their promises, Orighteous spirit!

(9) Thus let us be such as help the life of the future. The wise living spirits are the greatest supporters of it. The prudent man wishes only to be there where wisdom is at home.

(10) Wisdom is the shelter from lies, the annihilation of the destroyer. All perfect things are garnered up in the splendid residence of the good-mind (Vohu-mano), the Wise (Mazda), and the Righteous (Asha), who are known as the best things.

(11) Therefore, perform ye the commandments which, pronounced by Mazda himself, have been given to mankind; for they are a nuisance and perdition to liars, but prosperity to the believer in the truth; they are the fountain of happiness."

———:o:———

દાદાર હોરમજદની ક્ષ્નુમન.

[આ ક્ષ્નુમન દરેક ગાથાની પહેલાં ભણવામાં આવે છે, જે દરેક ગાથા સાથે પાછી આપી નથી, પણ દરેક ગાથા ભણતી વખતે એ પહેલાં ભણવાને ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.]

ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ, અષેમ વોહુ ૧.

પ નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવઝુની ગોરજે ખોરેહ અવઝાયાદ; ગેહ ગાથાબ્યો અહુનવદ ગેહ, ઓશતવદ ગેહ, સ્પેન્તોમદ ગેહ, વોહુ-ક્ષથ્ર ગેહ, વહેશ્તોઇશ્ત ગેહ, ગેહ ગાથાબ્યો અર્દાફ્રવંશ એરસાદ.

થજો ખુશનુદી પાક અહુરમઝદ તણી
જે છે સારી ખલકતનો સાહેબ ધણી
વૃદ્ધિના તે કર્તાનું નામ હું ધરૂં
તેના પાક નામે શરૂ હું કરૂં
વધો સર્વ યશ પાક અહુરમઝદ તણો
વધારો ખુરેહનોબી થાઓ ઘણો.
અહુનવદ, અને ઉસ્તવદ, સ્પેનતોમદ
વહુક્ષથ્ર, વેહસ્તોઇસ્ત, ગાથાની હદ
તથા ઓ પવિત્ર ફરોહર અશો,
તમો આએ બંદગી તરફ પોંહચશો.

અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ; અજહર્વસ્તીન દુશમત દુઝુખ્ત દુજવરશ્ત, મેમ પ ગેતી મનીદ, ઉઝ્મ ગોફ્ત, ઉઝ્મ કર્દ, ઉઝ્મ જસ્ત, ઉઝ્મ બુન બુદ એસ્તેદ. અજઆંન ગુનાહ મનશની ગવશની કુનશની, તની રવાંની ગેતી મીનોઆંની ઓખે અવાખ્શ પશેમાન પ સે ગવશની પ પતેત હોમ.

પશેમાન થાવું પતેત હું કરી,
તમામ આય મારા ગુન્હાથી વરી.
કીધા હોય જગમા બુરા મેં વિચાર,
ને હોઉં બદ સુખનબી હું બોલ્યો અપાર.
કીધા હોય જો ઉત્પન્ન બુરાં કામ કોય,
ને બદ કામની થઇ શરૂઆત હોય.
વિચારો સખુનો તથા મુજના કામ–
ને લગતા, જો હોયે ગુન્હાને તમામ.
તથા મુજ તનને હોય લગતાબી કોય,
રવાંન મારાંનેબી જો લગતા તે હોય.
અગર હોય લગતા આં ગેતીને જે,
અગર હોય લગતા મિનોઇને તે.
દરેક એ ગુન્હાઓથી રે ! ઓ અહુર,
પશેમાન થઇને રહું છું હું દુર.

મનશની ગવશની કુનશનીથી હું,
પતેતને કરીને પશેમાન છું.

ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ, તરોઇ-દિતે અંઘરહે મઇન્યેઉશ; હઇથ્યાવરશ્તાંમ હ્યત વસ્ના ફ્રેરષાતેમેમ; સ્તઓમિ અષેમ. અષેમ વોહુ ૩,

વધો ખુશનુદી હોરમજદની ધણી,
થજો હાર ખુરા અહરીમન તણી.
છે નેક કામ કરનારાઓની ખાહેશ,
તે છે સર્વ ખાહેશથી ચઢતી હંમેશ.

ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ વીદએવો અહુર-તકએષો (જે ગેહ હોએ તે પઢે) ફ્રસસ્તયએચ.

સદા રાસ્તીનો વખાણનાર છું,
અહુરમજદની બંદગીનો કરનાર છું.
છું ચાલનારો જરથોસ્તી દીન પર જરૂર,
તરીકાથી દેવોના રહેનારો દુર.
અહુરના રીવાજોએ ચાલનાર હું,
તરીકે કરૂં છું બસ એકરાર હું.

અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘ ઉહતો, અમેષનાંમ સ્પેન્તનાંમ ગાથાબ્યો સ્પેન્તાબ્યો રતુક્ષથ્રાબ્યો અષઓનિબ્યો, અહુનવઇત્યાઓ ગાથયાઓ, ઉશ્તવઇ-ત્યાઓ ગાથયાઓ, સ્પેન્તા-મઇન્યેઉશ ગાથયાઓ, વોહુ-ક્ષથ્રયાઓ ગાથયાઓ, વહિશ્તોઇશ્તોઇશ ગાથયાઓ, અષઓ-નાંમ ફ્રવષિનાંમ ઉગ્રનાંમ અઇવિ-થુરનાંમ, પઓઇરયો-તકએષનાંમ ફ્રવષિનાંમ નબા-નજદિશ્તનાંમ ફ્રવષિનાંમ, ક્ષ્નઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસ-સ્તયએચ, યથા અહુવઇરયો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાતચિત હચ ફ્રા અષવ વીધ્વાઓ મ્રઓતુ.

કે દાદાર હોરમજદને માટે છે,
ધરાવનારા જે બસ ખજાનાના તે.
દાદાર હોર્મજદ નુરમંદ અપાર,
ને અમેશાસ્પંદોની વૃદ્ધિ કરનાર.
ગાથા છે સરદાર સચ્ચાઇ તણાં,
અને જે વળી છે અશોઇ ઘણાં.
અહુનવદ, અને ઓસ્તુવદ સ્પેનતોમદ,
વોહુક્ષથ્ર વહીશતોઇસ્ત ગાથા બેહદ,
ફ્રતેહમંદ ફ્રેરોહર અશોના જબર.
ને પોર્યોદકેશના અશો ફ્રેરોહર.
ને "નબાનજદીસ્તના" ફ્રેરોહરબી ખાસ,
એ સર્વેની કરવા સીફ્તો નેયાસ.
તથા કરવા તેઓને ખુશનુદ આમ,
વખાંણોબી તેઓની કરવા તમામ.
કરે "જોતી" જાહેર અગર મારી પાસ,
"યથા અહુવઇર્યો"ની ખુબીઓ ખાસ.
કરે જાહેર રાસ્તી અશો બુદ્ધિવાન,
"યથાર્તુશ અષાતચિત હચ"ની વખાણ.

અહુરેમ મજદાંમ રએવન્તેમ ખરે-નંઘઉહ્‌ન્તેમ યજમઇદે; અમેષા સ્પેન્તા હુક્ષથ્રા હુધાઓંઘહો યજમઇદે. ગાથાઓ સ્પેન્તાઓ રતુક્ષથ્રાઓ અષઓનીશ યજમઇદે:

કર્યેં યાદ હોરમજદ દાદાર જે,
ખુરેહમંદ ગંજનો ધરાવનાર છે.
સીફત કર્યેં અમશાસ્પંદો તણી,
ભલા શાહોને અકલમંદો, તણી.
ને ગાથા, જે સચ્ચાઇનો સરદાર છે,
વખાણયે, અશો વૃદ્ધિ કરનાર છે.

અહુનવઇતીમ ગાથાંમ અષઓનીમ અષહે રતુમ યજમઇદે; ઉશ્તવઇતીમ ગાથાંમ અષઓનીમ અષહે રતુમ યજમઇદે; સ્પેન્તા-મઇન્યુમ ગાથાંમ અષઓનીમ અષહે રતુમ યજમઇદે; વોહુક્ષથ્રાંમ ગાથાંમ અષઓનીમ અષહે રતુમ યજમઇદે; વહિશ્તોઇશ્તીમ ગાથાંમ અષઓનીમ અષહે રતુમ યજમઇદે; અષઓનાંમ વંઘઉહીશ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઇદે. અહુનેમ વઇરીમ તનુમ પાઇતિ, અહુનેમ વઇરીમ તનુમ પાઇતિ, અહુનેમ વઇરીમ તનુમ પાઇતિ; યથા અહુ વઇરયો ૧

અશો અહુનવદ જે અશોઇનો સર્દાર,
વખાણયે છીએ જેને હમ વારવાર.
અશો ઉસ્તવદ જે અશોઇનો સર્દાર,
વખાણયે છીએ જેને હમ વારવાર.
અશો સ્પેનતોમદ જે અશોઇનો સર્દાર,
વખાણયે છીએ જેને હમ વારવાર.
અશો વોહુક્ષથ્ર અશોઇનો સર્દાર,
વખાણયે છીએ જેને હમ વારવાર.
અશો વહીસ્તોઇસ્ત જે અશોઇનો સર્દાર,
વખાણયે છીએ જેને હમ વારવાર.
અશો લોકોના નેક શુરા અપાર,—
તથા છે જે આબાદી ફ્એલાવનાર—
ફ્રોહર, જેની યાદ કર્યેં હમે,
"અહુનવર" બચાવે છે તન હર સમે. *

* ઉપલી ક્ષ્નુમન દરેક ગાથા સાથે ગાથા ભણ્યા અગાઉ પ્હેલાં ભણવી.

ગાથા અહુનવદ.

(એટલે કે યઝશનેના હા. ૨૮ થી ૩૪)

હા. ૨૮ મો.

યાનીમ મનો, યાનીમ વચો, યાનીમ
બ્યઓથનેમ અષઓનો જરથુશ્ત્રહે.
ફેરા અમેષા સ્પેન્તા
ગાથાઓ ગેઉર્વાઇન.
નેમો વે, ગાથાઓ અષઓનીશ.

આ જરથોસ્તના ખ્યાલ, વાચા, ને કામ
બરકકતના દેનારાં છે જે તમામ
અમશાસ્પંદો રાખે છે ગાથા કબુલ
નેમાજ હોજો ગાથાને આદમની કુલ!

૧. ☞ *અહ્યા યાસા નેમંઘહા
ઉસ્તાનજસ્તો રફ્ધ્રહ્યા
મન્યેઉશ મજદાઓ પોઉરવીમ
સ્પેન્તહ્યા અષા વીસ્પેંગ બ્યઓથના
વંઘહેઉશ ખ્રતુમ મનંઘ્રહો યા
ક્ષ્નેવીષા ગેઉશચા ઉર્વાનેમ.

(☞ ઉપલો ફકરો બે વાર ભણવો.)

૧. *કરી હાથ ઉંચા હું માગુ જરૂર,
આબાદીનો કરનારો અનદીઠ અહુર!
•ભલાં મનની બુદ્ધિ, ને રાસ્તીના કામ,
કરૂં માંગણી હું લેવા તેમણું નામ.

૨. યે વાઓ મજદા અહુરા
પઇરી-જસાઇ વોહુ મનંઘહા
મઇબ્યો દાવોઇ અહવાઓ
અસ્તવતસચા હ્યતચા મનંઘ્રહો
આયપ્તા અષાત હચા યાઇશ
રપન્તો દઇદીત ખાથ્રે.

૨. પીછાણું ભલાં મનવડે હું તને
ઓ મહાજ્ઞાની સાહેબ હું પોંહચું તને!
છે ફાયદા બિનોઇ, ને ગેતીમાં અહીં
ખુશાલી દેનાર સુખની રીતી મહીં.

---

*આ પ્હેલો ફકરો અહુનવદ ગાથાના દરેક હાની છેવટે ફરી આવે છે, જે માટેની ઉપલી બચેતો દરેક હા માં પાછી ને પાછી લખી નથી. એ ફકરો પ્હેલાં તેમજ છેલ્લાં બબેવાર ભણવાનો છે.

• ભલાં મન, વોહુમન યાને બહમન.

૩. યે વાઓ અષા ઉફયાની
